GJGS070001142016

सत्यमेव जयते

| તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં<br>રજુ તાઃ–૦૩/૦૨/૨૦૧૬<br>દાખલ તાઃ–૦૩/૦૨/૨૦૧૬<br>ફોજદારી કેસ નં.–૭૬/૨૦૧૬<br>ગુ.ર.નં. – ૧૦૧/૨૦૧૫<br>ફેસલ તાઃ–૦૬/૦૮/૨૦૨૬<br>આંકઃ– | |
|---|---|
| **ફરિયાદી** | **વર્ષાબેન ગોપાલભાઇ વાજા** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઃ–** | **અયુબભાઇ હુસેનભાઇ ચૌહાણ,**<br>ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ડ્રાઇવીંગ,<br>રહેવાસી :–ગડુ, તા.માળીયા, જી.જુનાગઢ. |
| આરોપી તરફે | વિ.વ. શ્રી આર.એફ.ચૌહાણ |

## –// ફોર્મ–બી //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૧૨/૧૨/૨૦૧૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૨/૧૨/૨૦૧૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૦૩/૦૨/૨૦૧૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૭/૦૧/૨૦૧૭ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૧૫/૧૨/૨૦૧૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૦૬/૦૮/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૦૬/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// આરોપીની વિગત //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અયુબભાઇ હુસેનભાઇ ચૌહાણ | ૧૫/૧૨/૧૫ | ૧૫/૧૨/૧૫ | ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ | નિર્દોષ ઠરાવેલ છે | – | – |

# –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૦૭ | વર્ષાબેન ગોપાલભાઇ વાજાની જુબાની. | ફરીયાદી |
| (૨) | ૦૯ | પ્રવિણભાઇ કાળાભાઇ ગોહેલની જુબાની. | સાહેદ |
| (૩) | ૧૪ | દીલસુખભાઇ હીરાભાઇ મકવાણાની જુબાની. | પંચ સાહેદ |
| (૪) | ૩૧ | શૈલેષભાઇ ગોવિંદભાઇ રાવલીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૫) | ૩૪ | હીતેશભાઇ નાગજીભાઇ ચાવડાની જુબાની. | પંચ સાહેદ |
| (૬) | ૩૯ | મનીષ ઉર્ફે મનોજભાઇ કેશરભાઇ વંશની જુબાની. | સાહેદ |
| (૭) | ૪૧ | રામસીંગભાઇ હમીરભાઇ વંશની જુબાની. | સાહેદ |
| (૮) | ૫૨ | હમીરભાઇ પુજાભાઇ વંશની જુબાની. | સાહેદ |
| (૯) | ૫૪ | વીણાબેન અશોકભાઇ ગોહેલની જુબાની. | સાહેદ |
| (૧૦) | ૫૫ | દુદાભાઇ હમીરભાઇ સોંદરવાની જુબાની. | સાહેદ |
| (૧૧) | ૫૯ | જીજીખાં હાસમખાં બ્લોચની જુબાની. | સાહેદ |
| (૧૨) | ૫૯ (એ) | વીજયભાઇ બચુભાઇ ભરડાની જુબાની. | સાહેદ |
| (૧૩) | ૬૦ | રામજીભાઇ ગોવિંદભાઇ ભરડાની જુબાની. | સાહેદ |
| (૧૪) | ૬૦ (એ) | વીશાલભાઇ વશરામભાઇ વાગડીયાની જુબાની. | ત.ક.અ. |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | ફરીયાદ |
| (૨) | ૧૦ | લાશ સોંપણીની પહોંચ |
| (૩) | ૧૫ | ઇન્કવેસ્ટ પંચનામુ |
| (૪) | ૩૨ | સ્થાનિક જગ્યાનુ પંચનામુ |
| (૫) | ૬૧ થી ૬૮ | મેડીકલ સર્ટીફીકેટ |
| (૬) | ૬૯, ૭૦, ૭૧ | પી.એમ.રીપોર્ટ |
| (૭) | ૭૨ | સ્થળ તપાસ રીપોર્ટ |
| (૮) | ૭૩ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ |

**– :: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા હવાલાની છકડો રીક્ષા નં.જીજે–૧૧–ટી.ટી.–૨૦૬૭ ની પોતે પુરઝડપે બેફીકરાઇથી માણસની જીંદગી જોખમાય તે રીતે તા.૧૨/૧૨/૨૦૧૫ ના ૧૬/૪૫ ના સુમારે રમરેચી જેપુર વચ્ચે વાગડીયા પુલ નદી પાસે આરોપીએ પોતાના છકડો રીક્ષામાં ગેરકાયદેસર પેસેન્જરો ભરેલ રીક્ષા વધુ સ્પીડના કારણે પુલથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી રીક્ષામાં બેસેલ ફરીયાદીના દીકરા અજય ઉર્ફે અરૂણ ગોપાલ, રહે.જુથળ તથા કેશવ પુંજાભાઇ વંશ, રહે.જંગર તથા અશોક કાળાભાઇ, રહે.રમરેચી વાળાને ગંભીર ઈજા પહોંચાડી મોત નીપજાવી તથા ફરીયાદી તથા સાહેદ વિજય બચુ તથા અન્ય સાહેદોને નાની મોટી ઈજાઓ કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૫ થી આરોપીની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ, અમોએ કોઇ ગુન્હો કરેલ નથી, અમો કાંઇ જાણતા નથી, અમોને ખોટી રીતે ફીટ કરી દેવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા હવાલાની છકડો રીક્ષા નં.જીજે–૧૧–ટી.ટી.–૨૦૬૭ ની પોતે પુરઝડપે બેફીકરાઇથી માણસની જીંદગી જોખમાય તે રીતે તા.૧૨/૧૨/૨૦૧૫ ના ૧૬/૪૫ ના સુમારે રમરેચી જેપુર વચ્ચે વાગડીયા પુલ નદી પાસે આરોપીએ પોતાના છકડો રીક્ષામાં ગેરકાયદેસર પેસેન્જરો ભરેલ રીક્ષા વધુ સ્પીડના કારણે પુલથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી રીક્ષામાં બેસેલ ફરીયાદીના દીકરા અજય ઉર્ફે અરૂણ ગોપાલ, રહે.જુથળ તથા કેશવ પુંજાભાઇ વંશ, રહે.જંગર તથા અશોક કાળાભાઇ, રહે.રમરેચી વાળાને ગંભીર ઇજા પહોંચાડી મોત નીપજાવી તથા ફરીયાદી તથા સાહેદ વિજય બચુ તથા અન્ય સાહેદોને નાની મોટી ઇજાઓ કરી આઇ.પી.સી.કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**મુદા નં.૧ :–**

(૮) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૭ થી ફરીયાદી વર્ષાબેન ગોપાલભાઇ વાજાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવ એક વર્ષ પહેલા તાલાલા મરેચી વચ્ચે વેકડો છે ત્યાં રીક્ષા પલ્ટી મારી ગયેલી હતી. આ બનાવ

વખતે સાડા ચાર પાંચ સાંજના થયા હશે તે વખતે તેઓ રામપરા થી તાલાલા આવેલા અને તાલાલા થી ગડુ છકડો રીક્ષામાં જતા હતા. રીક્ષામાં તેઓની સાથે નવ દસ જણા હતા. તેઓને બે છોકરા અને તેઓ હતી. બનાવ વખતે રીક્ષા જતી હતી અને વોકડામાં પલ્ટી મારી ગયેલી. રીક્ષાની ગતિ વધારે હતી. તેઓને હાથ પગમાં થોડી ઈજા થયેલી અને ગળામાં વધુ ઈજા થયેલી. કેતનને મગજમાં અને ખભામા અને હાથમાં ઈજા થયેલી. અજય સ્થળ પર જ ગુજરી ગયેલો. તેઓએ તાલાલા સરકારી દવાખાને સારવાર લીધેલી. કેતનને પહેલા તાલાલા અને પછી જુનાગઢ લઈ ગયા હતા. આ કામે ફરીયાદ આંક-૮ થી રજુ છે. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદની હકીકતને સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, પોલીસે ફરીયાદ મને વાંચી સંભળાવેલી નથી. એ વાત ખરી છે કે, પોલીસે લખેલ કાગળ હતુ તેમાં અંગુઠો કરવાનુ કહેતા અંગુઠો કરી આપેલો. એ વાત ખરી છે કે, છકડો રીક્ષા ધીમી ગતિમાં જતી હતી. એ વાત ખરી છે કે, ડ્રાઈવીંગ કરનારને મેં જોયેલો નથી. એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ પછી હું બેભાન અવસ્થામાં હતી. એ વાત ખરી છે કે, રીક્ષામાં હું પાછળ બેઠેલી હતી. એ વાત ખરી છે કે, ડ્રાઈવરનુ નામ કે ગાડીના નંબર મેં લખાવેલા નથી કેમ કે હું અભણ છુ."

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક-૯ થી સાહેદ પ્રવિણભાઈ કાળાભાઈ ગોહેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવ દોઢેક વર્ષ પહેલા ૧૨/૧૨/૧૫ ના રોજ બનેલો. બનાવમાં તેઓના ભાઈ અશોકભાઈ કાળાભાઈ ગોહેલનો અકસ્માત થયેલો. આ બનાવ સાડા ચાર થી સસાડા પાંચની વચ્ચે બનેલો. બનાવ વખતે અશોકભાઈ રમરેચી થી ખોરાસા રીક્ષામાં જતા હતા. રીક્ષામાં અશોકભાઈ સીવાય પાંચ છ પેસેન્જર હતા. બનાવ વખતે રમરેચી અને જેપુર વચ્ચે એક વાગડીયો વોકરો પુલ આવે છે ત્યાં વળાંક આગળ પુરઝડપે રીક્ષા વોકરો

ઉતરતા પલ્ટી મારી ગયેલી અને રીક્ષા પુલની નીચે આથમણી સાઇડમાં પડેલી. પુલથી નીચે છ ફુટ જેટલુ હશે. બનાવની જાણ થયા પછી બનાવ સ્થળે જઇ તેઓના મીત્ર સાથે તાલાલા સરકારી હોસ્પીટલમાં લઇ આવેલા. અશોકને હૃદયના ભાગમાં ઈજા થયેલી હતી. અશોક હોસ્પીટલમાં જાહેર થયેલ કે મૃત્યુ પામેલ છે. તેઓએ તેને જોયો ત્યારે તે હોશમાં ન હતો અને બોલીચાલી શકતો ન હતો. અશોક સીવાય બીજાને ઈજા થયેલી તેને હોસ્પીટલે લાવેલા. અશોકની લાશ પી.એમ.રીપોર્ટ કર્યા પછી તેઓને સોંપેલી. આ કામે લાશ સોંપણીની પહોંચ આંક-૧૦ થી રજુ છે. રીક્ષાના નં.જીજે-૧૧-એન-૨૦૬૭ હતા. રીક્ષા ચાલક ગડુનો છે તેવુ તેઓને જાણવા મળેલ.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે, અકસ્માતની જાણ થતા હું મારા ભાઇને લઇને સારવાર માટે આવેલો. એ વાત ખરી છે કે, ડ્રાઇવરનુ નામ કે નંબર મેં તે સમયે લીધેલા નહી. સાહેદ જણાવે છે કે, તે વખતે ગાડી પડેલી જોયેલ. એ વાત ખરી છે કે, આરોપીનુ નામ વાતોવાતોથી જાણ થયેલી. એ વાત ખરી છે કે, પોલીસે મને આરોપીને બતાવેલો નથી."

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે આંક-૧૪ થી પંચ સાહેદ દીલસુખભાઇ હીરાભાઇ મકવાણા, આંક-૩૧ થી પંચ સાહેદ શૈલેષભાઇ ગોવીંદભાઇ રાવલીયા તથા આંક-૩૪ થી પંચ સાહેદ હીતેષભાઇ નાગજીભાઇ ચાવડા નાઓને તપાસવામાં આવેલા છે. જેઓ આંક-૧૫ થી રજુ થયેલ ઇન્કવેસ્ટ પંચનામા તથા આંક-૩૨ થી રજુ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં આંક-૧૫ તથા ૩૨ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૯ થી સાહેદ મનીષ ઉર્ફે મનોજભાઇ કેશરભાઇ વંશ તથા આંક–૪૧ થી સાહેદ રામસીંગભાઇ હમીરભાઇ વંશ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૨/૧૨/૨૦૧૫ ના રોજ બનેલો ત્યારે તેઓને ફોનથી જાણ થયેલ કે, રમળેચી થી જેપુર ગામ વચ્ચે વાગડીયાના વોંકળામાં રીક્ષા પલ્ટી મારી ગયેલ છે અને તેઓના પિતા/કાકાને લાગી ગયેલ છે અને તેને તાલાળા સરકારી દવાખાને લઇ ગયેલા, જયાં તેમને મરણ જાહેર કરેલા. ત્યારબાદ તેઓને જાણવા મળેલ કે, રીક્ષા માલ ભરવાની ખુલ્લી હતી અને તેમાં ૧૩ જણા પેસેન્જર બેસાડેલ હતા અને રીક્ષા તાલાળા રમળેચી થઇને જેપુર આવતી હતી ત્યારે પુલ પાસે પહોંચતા રીક્ષાનો ડ્રાઇવર ઠેકડો મારી ગયેલો અને રીક્ષા પુલ ઉપરથી નીચે પડી ગયેલી અને જેમાં ઘણા બધા માણસોને ઈજા થયેલી અને તેઓના પિતા/કાકા મરણ ગયેલા.

જયારે સાહેદોએ આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ તે સીવાય તેઓને કાંઇ પુછેલ નહી કે તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ તેઓએ બનાવ નજરે જોયેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–પર થી સાહેદ હમીરભાઇ પુજાભાઇ વંશને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ નવેક વર્ષ પહેલા બનેલો ત્યારે તેઓ તેમની વાડીએ હતો ત્યારે તેમના દીકરાનો ફોન આવેલ અને કહેલ કે, કેસરભાઇનુ અકસ્માત થયેલ છે. જેથી તેઓ તેના ઘરે ગયેલો અને કેસરભાઇ મરણ ગયેલ હતા, તેના દીકરા પ્રકાશને પુછતા તેણે જણાવેલ કે, તે સાંજના ચાર વાગે તાલાલા થી ગડુ જવા માટે રીક્ષામાં જતા હતા ત્યારે રીક્ષા તાલાલા રમળેચી થઇ જેપુર રોડ પર જતા રીક્ષા ચાલકે કાબુ ગુમાવતા રીક્ષા નદીના વળાંકમાં પુલ નીચે પડી ગયેલી અને તેમાં બેસેલ તમામને નાની મોટી ઈજા થયેલી અને તેમાં આ કેસરભાઇને વધુ ઈજા થતા મરણ ગયેલા. આ બાબતે ફરીયાદ થયેલી અને પોલીસે તેઓની પુછપરછ કરેલી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો

સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ એ સીવાય બીજુ કાંઇ પુછેલ નહી અને તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ આ બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓને ખબર નથી કે જાત માહીતી નથી તેમજ તેઓ આરોપીને જોયેથી ઓળખતો નથી.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૪ થી સાહેદ વીણાબેન અશોકભાઇ ગોહેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૧૨/૨૦૧૫ ના રોજ બનાવ બનેલો ત્યારે તેઓ તેમના ભાઇને ત્યાં ખોરાસા ગામે પ્રસંગમાં ગયેલી અને સાંજે તેઓના પતિ અશોકભાઇ તેડવા આવવાના હતા પણ તે તેડવા આવેલ નહી અને તેઓના સગા તેડવા આવેલ અને તેમણે તેઓને જાણ કરેલ કે, તેઓના પતિનુ અકસ્માત થયેલ છે અને રાતના તેઓના પતિની લાશ ઘરે આવેલી ત્યારે તેઓના દીયર પ્રવિણભાઇને પુછતા તેમણે જણાવેલ કે, અશોક ખોરાસા ગામે આવતો હતો ત્યારે રમળેચી–જેપુર વચ્ચે વાગડીયા પુલ પાસે રીક્ષાનુ અકસ્માત થયેલ અને તેને ૧૦૮ માં તાલાલા દવાખાને લઇ આવેલ. જયાં તેમને ડોકટર સાહેબે મરણ જાહેર કરેલ અને આ રીક્ષામાં બેસેલ બીજા ઇસમોને પુછતા જાણવા મળેલ કે, રીક્ષા ચાલક પુલ પાસે વળાંક ન વાળી શકતા રીક્ષાનો કાબુ ગુમાવી ગયેલ અને તે પુલથી નીચેની તરફ પડી ગયેલ અને તેમાં બેસેલાઓને નાની મોટી ઇજાઓ થયેલ અને તેઓના પતિનુ અકસ્માત થતા તે મરણ ગયેલ અને આ બાબતે રીક્ષાના ચાલક વિરૂધ્ધમાં ફરીયાદ થયેલ અને આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત સમયે તેઓ ત્યાં હાજર ન હતી આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી તેઓ કહી ના શકે આ બનાવ કઇ રીતે બનેલો તેમજ પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલુ અને તેઓએ સહી કરેલી.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૫ થી સાહેદ દુદાભાઇ હમીરભાઇ સોંદરવાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે

કે, તા.૧૨/૧૨/૨૦૧૫ ના રોજ બનાવ બનેલો ત્યારે તેઓ ઘરે હતો અને તેઓને ફોન આવેલ કે વાગડીયાના પુલમાં એક રીક્ષા પડી ગયેલ છે જેથી તેઓ તરત ત્યાં ગયેલ. ત્યાં જઇને જોતા તેમાં બેસેલ તમામ ઇસમોને ઈજા થયેલી અને અશોકભાઇને વધુ ઈજા થયેલ હતી. જેથી ત્યાં હાજર ઇસમોમાંથી એક ઇસમે ૧૦૮ ને ફોન કરેલ અને તમામ ઈજા પામનારને તેમાં તાલાલા દવાખાને સારવાર માટે મોકલાવેલા. અશોકને તેઓ ઓળખતો હોય જેથી તેના પિતાને તેઓએ ફોન કરેલો અને તાલાલા સરકારી દવાખાને જતા અશોકને ડોકટરે મરણ જાહેર કરેલ અને બીજા ઈજા પામનારને પુછતા તેમણે જણાવેલ કે, અમો રીક્ષામાં બેસીને જતા હતા ત્યારે રમળેચી–જેપુર વચ્ચે વાગડીયા પુલ પાસે રીક્ષાનુ અકસ્માત થયેલ અને પુછતા જાણવા મળેલ કે, રીક્ષા ચાલક પુલ પાસે વળાંક ન વાળી શકતા રીક્ષાનો કાબુ ગુમાવી ગયેલ અને તે પુલથી નીચેની તરફ પડી ગયેલ અને તેમાં બેસેલાઓને નાની મોટી ઈજાઓ થયેલ અને અશોકભાઇ અકસ્માતમાં મરણ ગયેલ અને આ બાબતે રીક્ષાના ચાલક વિરૂધ્ધમાં ફરીયાદ થયેલ અને આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રીક્ષાના ચાલકને તેઓએ જોયેલ નથી તેમજ તેઓને વાતોવાતથી જાણ મળેલ કે અકસ્માત થયેલ છે તેમજ આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ તેઓએ તેમના નીવેદનમાં લખાવેલ નથી કે તેઓએ અકસ્માત નજરે જોયેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક–૫૯ થી સાહેદ જીજીખાં હાસમખાં બ્લોચને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, દસ વર્ષ પહેલા તેઓએ એક છકડો રીક્ષા લીધેલ અને તે ડ્રાઇવર રાખીને ભાડામાં આપેલ ત્યારે તેઓના ડ્રાઇવર અયુબભાઇ હતા અને તે ગડુ તાલાલા પટ્ટે રીક્ષા ચલાવતા હતા, તેમણે તેઓને જણાવેલ કે, રીક્ષા જેપુર પાસે પુલ નીચે પલ્ટી મારી ગયેલ અને એ બાબતે બેસેલા પેસેન્જરોને ઈજાઓ થયેલી અને આ બાબતે ફરીયાદ થયેલી. જેથી પોલીસે તેઓને બોલાવેલા અને તેઓએ રીક્ષાના કાગળો રજુ કરેલા અને તેઓનો જવાબ પણ લીધેલો.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી તેમજ આરોપી તેઓના ગામના હોય તેથી પહેલાથી જ ઓળખે છે, બનાવ સમયે તેને વાહન ચલાવતા તેઓએ જોયેલ નહી.

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૯(એ) થી સાહેદ વીજયભાઇ બચુભાઈ ભરડાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ દસેક વર્ષ પહેલા બનેલ ત્યારે તેઓના સસરાના ગામે આંકોલવાડી ગયેલ અને પરત આવતો હતો ત્યારે તાલાલા થી ગડુ જવા માટે છકડો રીક્ષામાં બેસેલ અને તેઓના ગામના માણસો પણ તેમાં બેસેલા અને રમળેચી થી જેપુર ગામ વચ્ચે રીક્ષા પલ્ટી ખાઇ જતા પુલ ઉપરથી નીચે પડી ગયેલી અને જેમાં ઘણા બધા માણસોને ઈજા થયેલી અને તેઓને માથાના ભાગે તથા છાતીમાં, હાથ પગમાં ઈજા થયેલ. પહેલા સારવાર માટે તાલાલા ત્યારબાદ જુનાગઢ અને ત્યારબાદ રાજકોટ લઇ ગયેલા અને આ બાબતે ફરીયાદ થયેલ. તેઓની સારવાર થયા બાદ આ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલુ તે સીવાય તેઓને કાંઇ પુછેલ નહી કે તેઓએ કાંઇ લખાવેલ નહી.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે આંક–૬૦ થી સાહેદ રામજીભાઇ ગોવિંદભાઈ ભરડાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, દસ અગીયાર વર્ષ પહેલા તેઓ જુથળ મુકામે હતો ત્યારે તેઓના મોટા ભાઈ બચુભાઈના દીકરા ચંદુભાઈનો ફોન આવેલ અને કહેલ કે તેના નાના ભાઈ વિજયનુ જેપુર ગામ પાસે છકડો રીક્ષામાં એકસીડન્ટ થયેલ છે અને તેને તાલાલા સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જુનાગઢ લઈ જાય છે તેવુ જણાવતા તેઓ તથા તેઓનો ભત્રીજો ચંદુ તેમને જુનાગઢ જયેશ ઓડેદરા સાહેબના દવાખાને ગયેલા અને તેમને

માથામાં ઈજાઓ થયેલી હતી અને તેને વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનુ કહેતા તેઓ તેને ગોકુલ હોસ્પીટલમાં લઈ ગયેલા. જયાં તેઓના ભત્રીજાને છ હેમરેજ હોય ઓપરેશન કરેલુ અને સારવાર કરેલી. આ અકસ્માતમાં રીક્ષામાં બેસેલ દરેકને નાની મોટી ઈજાઓ થયેલી હોય તેઓના ગામના અજય ઉર્ફે અરૂણ મરણ ગયેલ, તેની માતાએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરેલી અને પોલીસે તેઓનો પણ જવાબ લીધેલો.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી તેમજ પોલીસે બનાવ બાબતનુ તેઓનુ કોઈ નીવેદન લીધેલુ નહી.

(૧૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૬૦(એ) થી તપાસ કરનાર અમલદાર વીશાલભાઈ વશરામભાઈ વાગડીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૧૨/૨૦૧૫ ના રોજ ફરીયાદી વર્ષાબેન ગોપાલભાઈ વાજાની ફરીયાદ તેમના લખાવ્યા મુજબની તેઓના રૂબરૂની લખી લઈ પી.એસ.ઓ. તરફ રવાના કરેલ અને પી.એસ.ઓ. કે.એન.જાદવ નાઓએ ગુન્હો રજી. કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ સાધનીક કાગળો સાથે તપાસ સંભાળેલી. બનાવની હકીકત એવી હતી કે, આ કામના આરોપીએ પોતાના હવાલાની છકડો રીક્ષા બેફીકરાઈથી ચલાવી રમળેચી–જેપુર વચ્ચે વાગડીયા નદીના પુલ પાસે પેસેન્જર ભરેલ રીક્ષા પુલથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી દીધેલ હોય જેમાં ફરીયાદીના દીકરા અજય તથા કેશવ પુંજાભાઈ તથા અશોકભાઈના મોત નીપજેલ તથા ફરીયાદી તથા અન્ય સાહેદોને ઈજા થયેલ. જે અંગે તેઓએ જરૂરી નમુનાઓ મેળવી તપાસ અર્થે મોકલેલા અને બનાવ અંગેનુ પંચનામુ કરેલ, ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ. ઈજા પામનાર સાહેદોના સારવાર અંગેના સર્ટીફીકેટો તથા મરણ જનારના પી.એમ.નોટ તપાસના કામે મેળવેલા અને તમામ ઈજા પામનાર સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. બાદ આ કામે એફ.એસ.એલ.ના તથા આર.ટી.ઓ. અધિ.ના ઈન્સ્પેકશન કરાવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા

નામ.કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ રાખેલ.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર રોડ છે અને વાહનોની અને માણસોની સતત અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે, બનાવવાળો રોડ સાંકડો અને વાંકાચુકા વળાંક વાળો છે."

(૧૯) આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે **ફરીયાદી વર્ષાબેન ગોપાલભાઇ વાજાને આંક–૭** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના ઈજા પામનાર સાહેદ છે. સદર સાહેદે પોતાના સરતપાસના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **પોલીસે ફરીયાદ તેઓને વાંચી સંભળાવેલી નથી તેમજ પોલીસે લખેલ કાગળ હતુ તેમાં અંગુઠો કરવાનુ કહેતા અંગુઠો કરી આપેલો.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **છકડો રીક્ષા ધીમી ગતિમાં જતી હતી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ડ્રાઇવીંગ કરનારને તેઓએ જોયેલો નથી તેમજ બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી તેમજ બનાવ પછી તેઓ બેભાન અવસ્થામાં હતી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **રીક્ષામાં તેઓ પાછળ બેઠેલી હતી તેમજ ડ્રાઇવરનુ નામ કે ગાડીના નંબર તેઓએ લખાવેલા નથી કેમ કે તેઓ અભણ છે.**

વધુમાં આ કામે **સાહેદ પ્રવિણભાઇ કાળાભાઇ ગોહેલને આંક–૯** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **બનાવ સમયે તેઓ તેમના ઘરે હતો તેમજ અકસ્માતની જાણ થતા તેઓ તેમના ભાઇને લઇને સારવાર માટે આવેલો.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ડ્રાઇવરનુ નામ કે નંબર તેઓએ તે સમયે લીધેલા નહી, તે વખતે ગાડી પડેલી જોયેલ.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આરોપીનુ નામ વાતોવાતોથી જાણ થયેલી તેમજ પોલીસે તેઓને આરોપીને બતાવેલો નથી.**

વધુમાં આ કામે આંક–૧૪, ૩૧ તથા ૩૪ થી તપાસવામાં આવેલ પંચ સાહેદોએ આંક–૧૫ તથા ૩૨ થી રજુ થયેલ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

વધુમાં આ કામે **સાહેદ મનીષ ઉર્ફે મનોજભાઇ કેશરભાઇ વંશને આંક–૩૯** થી તથા **સાહેદ રામસીંગભાઇ હમીરભાઇ વંશને આંક–૪૧** થી તપાસેલા છે. સદર સાહેદો હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદોની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ તે સીવાય તેઓને કાંઇ પુછેલ નહી કે તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ તેઓએ બનાવ નજરે જોયેલ નથી.**

વધુમાં આ કામે **સાહેદ હમીરભાઇ પુજાભાઇ વંશને આંક–પર** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલ એ સીવાય બીજુ કાંઇ પુછેલ નહી અને તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ આ બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓને ખબર નથી કે જાત માહીતી નથી તેમજ તેઓ આરોપીને જોયેથી ઓળખતો નથી.**

વધુમાં આ કામે **સાહેદ વીણાબેન અશોકભાઇ ગોહેલને આંક–પ૪** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **અકસ્માત સમયે તેઓ ત્યાં હાજર ન હતી આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી તેઓ કહી ના શકે આ બનાવ કઇ રીતે બનેલો તેમજ પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલુ અને તેઓએ સહી કરેલી.**

વધુમાં આ કામે **સાહેદ દુદાભાઇ હમીરભાઇ સોંદરવાને આંક–પપ** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **રીક્ષાના ચાલકને**

**તેઓએ જોયેલ નથી તેમજ તેઓને વાતોવાતથી જાણ મળેલ કે અકસ્માત થયેલ છે તેમજ આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ તેઓએ તેમના નીવેદનમાં લખાવેલ નથી કે તેઓએ અકસ્માત નજરે જોયેલ નથી.**

વધુમાં આ કામે **સાહેદ જીજીખાં હાસમખાં બ્લોચને આંક–પ૯** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી તેમજ આરોપી તેઓના ગામના હોય તેથી પહેલાથી જ ઓળખે છે, બનાવ સમયે તેને વાહન ચલાવતા તેઓએ જોયેલ નહી.**

વધુમાં આ કામે **સાહેદ વીજયભાઈ બચુભાઈ ભરડાને આંક–પ૯(એ)** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના ઈજા પામનાર સાહેદ છે. સદર સાહેદે પોતાના સરતપાસના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, પોલીસે માત્ર તેઓનુ નામ ઠામ પુછેલુ તે સીવાય તેઓને કાંઈ પુછેલ નહી કે તેઓએ કાંઈ લખાવેલ નહી.**

વધુમાં આ કામે **સાહેદ રામજીભાઈ ગોવિંદભાઈ ભરડાને આંક–૬૦** થી તપાસેલા છે. સદર સાહેદ હાલના અકસ્માતવાળા બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ બનાવ કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી તેમજ પોલીસે બનાવ બાબતનુ તેઓનુ કોઈ નીવેદન લીધેલુ નહી.**

વધુમાં આ કામે **તપાસ કરનાર અમલદાર વીશાલભાઈ વશરામભાઈ વાગડીયાને આંક–૬૦(એ)** થી તપાસેલા છે. સદર સાહેદે પોતાની ફરજ દરમ્યાનની રૂટીન કાર્યવાહી મુજબ હાલના આક્ષેપવાળા બનાવની તપાસ કરેલ હોવાનુ તેમના પુરાવા પરથી જણાય આવે છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ત.ક.અમલદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, બનાવવાળો વિસ્તાર જાહેર રોડ છે અને વાહનોની અને**

**માણસોની સતત અવર જવર વાળો વિસ્તાર છે તેમજ બનાવવાળો રોડ સાંકડો અને વાંકાચુકા વળાંક વાળો છે.**

વધુમાં બચાવપક્ષ દ્વારા **મેડીકલ સર્ટીફીકેટ આંક–૬૧ થી ૬૮** સુધી તથા **પી.એમ.રીપોર્ટ આંક–૬૯** થી **૭૧** સુધી એડમીટ કરવામાં આવેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવાઓ પરથી આ કામના આરોપીએ પોતાના કબજા હવાલાની છકડો રીક્ષા પુરઝડપે બેફીકરાઇથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી રમરેચી જેપુર વચ્ચે વાગડીયા પુલ નદી પાસે આરોપીએ પોતાના છકડો રીક્ષામાં ગેરકાયદેસર પેસેન્જરો ભરેલ રીક્ષા વધુ સ્પીડના કારણે પુલથી નીચે ઉતારી પલ્ટી ખવડાવી રીક્ષામાં બેસેલ ફરીયાદીના દીકરા અજય ઉર્ફે અરૂણ ગોપાલ, રહે.જુથળ તથા કેશવ પુંજાભાઇ વંશ, રહે.જંગર તથા અશોક કાળાભાઇ, રહે.રમરેચી વાળાને ગંભીર ઇજા પહોંચાડી મોત નીપજાવી તથા ફરીયાદી તથા સાહેદ વિજય બચુ તથા અન્ય સાહેદોને નાની મોટી ઇજાઓ કરેલ હોવાની હકીકત જણાય આવતી નથી.

(૨૦) આમ, જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે સાબીત થતો ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુદ્ધ સબબ ગુનાની જોગવાઈ મુજબના તત્વો સાબિત થતા ના હોય તે સબબ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. તે માટેનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. In the case of **Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court** has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:

> i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;

ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

iii. The circumstances should be of conclusive nature and tendency;

iv. They should exclude every possible hypothesis except the one to be proved; and

v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**(૨૧)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧**" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"**197.** In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our

jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contained in Article- 20 and 21 of the Constitution of India."

**(૨૨)** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી. (૧૯૭૩) ૨ એસ.સી.સી. ૮૦૮ માં જણાવેલ છે કે, "It is important to note that the cardinal principles in the administration of criminal justice in cases where heavy reliance is placed on circumstantial evidence, is that where two views are possible, one pointing to the guilt of the accused and the other towards his innocence, the one which is favourable to the accused must be adopted."

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટના રજુ જજમેન્ટ ધ્યાને રાખતા ફરીયાદપક્ષના ઉપરોકત સમગ્ર પુરાવાથી અકસ્માત વખતે અકસ્માતવાળુ વાહન આરોપીએ બેદરકારી કે નિષ્કાળજીપુર્વક રીતે ચલાવેલ હોવાનુ ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદો પોતાના પુરાવામાં ચોકકસપણે જણાવતા નથી. વધુમાં આ કામના તપાસ કરનાર અમલદારના પુરાવાને આ કામે રજુ થયેલ અન્ય મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાનુ સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી ફરીયાદપક્ષના પુરાવાથી કહેવાતો અકસ્માતવાળો બનાવ બનેલાનુ જણાય આવે છે, પરંતુ સદર બનાવ વખતે આરોપીએ અકસ્માતવાળુ વાહન ગફલતભરી રીતે હંકારેલ હોય કે સદરહુ અકસ્માત આરોપીની બેદરકારીના લીધેલ બનેલ હોય તેવુ ફરીયાદપક્ષના રજુ થયેલ તમામ પુરાવાથી માની શકાય તેમ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ નથી ત્યારે મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના **આરોપી** અચુબભાઈ હુસેનભાઈ ચૌહાણ, રહે.ગડુ, તા.માળીયા, જી.જુનાગઢ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૦૬, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૦૬–૦૮–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.